શિક્ષક વિશેષ

અનોખો 'ઈશ્વર', આકરૂન્દ સરકારી પ્રા.શાળાના આચાર્યએ શિક્ષણ યાત્રાને શબ્દબદ્ધ કરી

હું નહીં તમે આગળ વધો.. રપ થી વધુ શિક્ષકોની સફળતા આલેખી
અરવલ્લીની અસ્મિતા અને વ્યક્તિ વિશેષ પુસ્તક તૈયાર કર્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

પાપીની જિંદગી પાછલી જોઈ છે..?? પાણી વિનાની માછલી જોઈ છે..?? ઈશ્વરભાઈ ધનજીભાઈ પ્રજાપતિ, ધનસુરાના અંતરીયાળ ઉદેપુર ગામના પનોતા પુત્ર, આ નામનો પરિચય કેળવણીકારોને ક્યારેય આપવો ન પડે. સફળ શિક્ષક, સફળ સી.આર.સી., સફળ આચાર્ય, સફળ સાહિત્યકાર, સફળ લેખક, આકરૂન્દ સરકારી પ્રા.શાળાને એક આગવી ઓળખ આપવામાં તેમનું યોગદાન નાનું સુનું નથી. શિક્ષણ યાત્રાને સાચા અર્થમાં શબ્દબદ્ધ કરી છે. હળાહળ કળીયુગમાં નર્યો સ્વાર્થ પડ્યો છે ત્યારે અનોખો ઈશ્વરે ધાર્યું હોત તો અત્યાર સુધીમાં શ્રેષ્ઠ શિક્ષકના ઢગલા બંધ એવોર્ડ મેળવ્યા હોત પરંતુ તેઓએ જાણે કે હું નહીં તમે આગળ વધો..ના ભાવ સાથે શિક્ષકોની સફળતાને આલેખી છે. અત્યાર સુધી રાજ્યના રપ થી વધુ શિક્ષકોની સફળતાને તેઓ આલેખી ચૂક્યા છે. ખોટી વાહ વાહી નહીં, સત્ય હોય તે જ ઉજાગર કર્યું જેના ફલ સ્વરૂપે રપ પૈકી આદર્શ શિક્ષકોનું તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે શિક્ષક દિને સન્માન થવાનું છે.

પ્રા.શાળાના મુખ્ય શિક્ષક પાસે શબ્દોનું એટલું ભાથું છે કે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. શાળામાં હોય એટલે શિક્ષણ કાર્યમાં જ વધુ ધ્યાન, શાળાનો સમય પૂરો થાય એટલે અભ્યાસુ ઈશ્વરભાઈ પ્રજાપતિ માય સ્ટડી રૂમમાં ઓતપ્રોત થઈ જાય અને પછી તેમનામાં સમાયેલ લેખક આપો આપ જીવિત થઈ જાય પછી શિક્ષણ જગતના ઝગમગતા સિતારા કે પછી સમાજ માટે કંઈક કરી છૂટતા વ્યક્તિ વિશેષ માટે બ્લોગ લખવાનું શરૂ કર્યું. જે માત્ર ગુજરાત જ નહીં પરંતુ સાત સમુન્દર પાર વિદેશ સુધી પણ પ્રચલિત બન્યા. શિક્ષણ હોય કે પછી સામાજીક કાર્ય કે પછી શાળા પરિવારના શિક્ષક પ્રત્યે હંમેશાં તેઓ પ્રેરણાનું ઝરણું બનીને રહ્યા. તેઓએ સત્યઘટના આધારીત નવી સીરીઝ ઉપર પણ લખવાનું શરૂ કર્યું છે. માનવીનું જીવન એટલે સ્મિત-આંસુ, વેદના-સંવેદના, પ્રેમ-પીડા, ચિત્કાર-ચમત્કારથી ભરપૂર છે તેને ઝંકૃત કરતી અનેક સત્ય ઘટનાઓ સમાજ સમક્ષ રજૂ કરી છે. શિક્ષકો અને કેળવણીકારો અનોખા ઈશ્વરના સંપર્કમાં હશે પરંતુ અન્ય લોકોએ પણ તેમને એકવાર તો મળવા જેવું છે..!! તેઓએ વ્યક્તિ વિશેષ અને અરવલ્લીની અસ્મિતા પુસ્તક તૈયાર કર્યા છે તેનું વિમોચન થાય તે અગાઉ ૭૦૦ વધુ પુસ્તકોનું બુકીંગ થઈ ગયું હતું. આજે ખ્યાતનામ લેખકોના પુસ્તકો સામે કોઈ જોતું નથી તો પછી ખરીદવાની વાત તો બાજુ પર રહી. આ માત્ર ધનસુરા તાલુકા જ નહી સમગ્ર પ્રા.શિક્ષક માટે એક શિક્ષક ગૌરવ છે.

ભાણીયાના માઈલસ્ટોનમાં આચાર્ય મામાનો સિંહ ફાળો

આકરૂન્દ સરકાર પ્રા.શાળાના મુખ્ય શિક્ષક ઈશ્વરભાઈ પ્રજાપતિ માત્ર આકરૂન્દ પંથક નહિ પરંતુ જિલ્લાનું ગૌરવ બન્યા છે. ત્યારે તેમની સાહિત્ય અને પ્રકૃતિ પ્રત્યેના લગાવમાં પણ મોસાળ આકરૂન્દ ગામનો સિંહ ફાળો છે. મામા, નિવૃત્ત આચાર્ય રણછોડભાઈ પ્રજાપતિએ ભાણીયાનો એવી રીતે ઉછેર કર્યો છે પત્થરમાંથી પાણી કાઢે. આજે માત્ર શિક્ષણ ક્ષેત્રે નહિ પરંતુ સાહિત્ય ક્ષેત્રે પણ નામના મેળવી છે તેમાં મામા અને તેમના પરિવારનો ફાળો નાનો સૂનો નથી. ખેર બધા ભાણીયાઓને રણછોડમામા જેવા મામા મળે.

અરવલ્લી જિલ્લામાં કૃત્રિમ રીતે પકવેલા ફળ આરોગ્ય માટે જોખમી બનવાની દહેશત

કોરોના કાળમાં કેમિકલથી ફળ પકવવાનો કારોબાર ધમધમ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

સાબરાકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉનાળુ ફળની સીઝન જામવાની સાથે માંગમાં વધારો થયો છે ત્યારે કેટલાંક વેપારીઓ ઉતાવળે ફળ પકવવા માટે કાર્બાઈડ સહિતના કેમિકલનો ભરપૂર ઉપયોગ કરતા હોવાથી ફળ આરોગવા આરોગ્ય માટે જોખમી બનવાની દહેશત છે. બંને જિલ્લામાં દ્રાક્ષ અને કેળા સહિતના ફળો પકવવા માટે કેમિકલનો કારોબાર ધમધમી રહ્યો છે છતાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કામગીરી માત્ર કાગળ ઉપર ચાલતી હોય તેવી સ્થિતિ છે. કૃત્રિમ રીતે ફળો પકવ્યા પછી ગ્રાહકોને સીધા પધરાવામાં આવતા હોવાથી આરોગ્ય માટે ફાયદારૂપ ગણાતા ફળ ઉનાળામાં જોખમી બની શકે છે. બંને જિલ્લામાં કોરોનાના કપરા કાળમાં કેમિકલથી ફળ પકવવાનો કારોબાર ધમધમવા લાગ્યો છે.

જિલ્લામાં સીઝનલ ફળની

માંગ સૌથી વધુ રહેતી હોય છે તેમાંય ઉનાળો આવે એટલે દ્રાક્ષ, ચીકુ, કેરી, પપૈયા, સહિતના ફળોની માંગમાં ઉછાળો આવતો હોય છે હાલના કોરોના કાળમાં અન્ય રાજ્યોમાંથી આયાત થતી ફળની આવકમાં ઘટાડો નોંધાયો છે જેની સામે માંગ વધતાં લેભાગુ વેપારીઓ હવે કાચા ફળોને જડપથી પાકાં કરવા માટે કૃત્રિમ અખતરાં અજમાવી રહ્યા છે. સાબારકાંઠા-અરવલ્લી જિલ્લાના તમામ વિસ્તારોમાં ઉનાળાની સિઝન શરૂ થતાંની સાથે કાર્બાઈડ અને અન્ય કેમિકલથી ફળ પકવવાનો કારોબાર શરૂ થયો છે. અકુદરતી રીતે પકવવામાં આવતા ફળ આરોગવાથી પેટની સમસ્યાથી માંડી મોઢામાં ચાંદ પડવાની એકપછી એક ફરીયાદો સામે આવી રહી છે ખાસ કરીને કેળા તેમજ દ્રાક્ષ પકવવા માટે કેમિકલનો વધુ ઉપયોગ પ્રજાના આરોગ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે. તમામ વિસ્તારોમાં સિઝનલ ફળની સિઝન જામ્યા પછી પ્રજા પણ તંદુરસ્તી માટે ફળ ફાયદારૂપ હોવાનું માની આરોગી રહી છે પરંતુ કૃત્રિમ રીતે પાકેલા ફળ બીમારીઓને આમંત્રણ આપે તેવી સંભાવના છે. જિલ્લામાં ફળોને કેમિકલમાં પકવી સીધા જ ગ્રાહકોને વેચવામાં આવતા હોવા છતાં સરકારી તંત્ર ફળો પકવવાના અકુદરતી ખેલ સામે આંખો બંધ કરીને બેસી ગયું છે.

કોરોના સંક્રમણ : ઉત્તર ગુજરાતમાં ધોરણ ૩ થી ૮ ની એકમ કસોટી મુલત્વી રાખવા માંગ

શિક્ષકો કોરોનાથી મોતને ભેટી રહ્યા છે, વિદ્યાર્થીઓ પણ સંક્રમિત, રાજ્ય-જિલ્લા પ્રા.શિ.સંઘની રજુઆત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

ઉત્તર ગુજરાતમાં કોરોના સંક્રમણ બેલગામ બન્યું છે મૃત્યુદર ઉંચકાયો છે. કોરોના શિક્ષકોને ભરખી રહ્યો છે ત્યારે રાજ્ય સહિત ઉત્તર ગુજરાતની સરકારી પ્રા.શાળાઓમાં તા.૨૭ એપ્રિલથી શરૂ થતી એકમ કસોટી મુલત્વી રાખવા રાજ્ય તેમજ જિલ્લા પ્રા.શિ.સંઘોએ રજુઆત કરી છે. કોરોનાનું સંક્રમણ ગામેગામ અને સોસાયટી ફળીયાઓમાં પ્રસર્યું છે આ સંજોગોમાં શિક્ષકોના જીવ ઉપર જોખમ ઉભું થયું છે. તે જોતાં વર્તમાન સ્થિતિને ધ્યાને રાખી એકમ કસોટી મુલત્વી રાખવી જોઈએ તેવી રજુઆત સાબરકાંઠા પ્રા.શિ. સંઘ દ્વારા કરવામાં આવી છે.

શિક્ષણ , વેપાર, વિકાસ બધુ ભુલાયું છે અને અત્યારે સવારે પથારીમાંથી ઉઠીએ અને સાંજે પથારીમાં આરામ કરવા જઈએ ત્યાં સુધી કોરોના-કોરોના જ હાવી થઈ ગયો છે. સતત કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. કોરોનાની બીજી લહેર આટલી હદે ભયાવહ હશે તેની આરોગ્ય વિભાગ અને તંત્રએ પણ કલ્પના કરી નહિ હોય. ઉત્તર ગુજરાતના તમામ ૪૭ તાલુકામાં કોરોનાનું સંક્રમણ બેકાબૂ બન્યું છે. અત્યાર સુધીમાં ઉત્તર ગુજરાતના ૨૦૦થી વધુ પ્રા.શિક્ષકો કોરોનાથી સંક્રમિત થયા છે, ૫ થી વધુ શિક્ષકોના મોત નીપજ્યા છે. પાછલા એક સપ્તાહમાં ૧૩૦થી વધુ પ્રા.શિક્ષકો કોરોનાથી સંક્રમિત થઈ હોમકોરન્ટાઈન થયા છે. આ માત્ર જાહેર થયેલા આંકડા છે પરંતુ અનેક શિક્ષકોએ કોરોના થયા પછી શાળાએ આવવાનું બંધ કર્યું છે પરંતુ સંક્રમિત હોવાનું વિદ્યાર્થી-વાલીઓના હિત માટે જાહેર કર્યું નથી. ત્યારે અત્ર-તત્ર-સર્વત્ર કોરોનાનું વાવાઝોડું ફૂંકાયું છે. ઉત્તર ગુજરાતમાં પણ પાછલા ૨ દિવસમાં કોવિડ હોસ્પીટલ અને સબસેન્ટર શરૂ કરવાના સરકારે આદેશ આપ્યા છે તેના ઉપરથી જ કોરોનાની સ્થિતિ કેટલી હદે બેકાબૂ છે તેનો અંદાજ આવી શકે છે. કોરોના બેલગામ બન્યા પછી સરકાર દ્વારા અનેક યુનિવર્સિટિ, જીપીએસસી, સહિતની પરીક્ષાઓ રદ કરવાનો નિર્ણય લીધો છે તો પછી ઉત્તર ગુજરાતના ૩.૭૫ લાખ વિદ્યાર્થીઓની ધોરણ ૩ થી ૮ ની એકમ કસોટી કેમ મુલત્વી રાખવાનો નિર્ણય લેવાતો નથી ? સાબરકાંઠા જિલ્લા પ્રા.શિ.સંઘના પૂર્વ પ્રમુખ સંજયભાઈ પટેલે પણ જણાવ્યું કે વૈશ્વિક મહામારી કોરોનામાં શિક્ષકો પણ સંક્રમિત થયા છે, સેકડો વિદ્યાર્થીઓ-વાલીઓ પણ સંક્રમિત છે. આ સંજોગોમાં શિક્ષકોનું જીવન કોરોનાથી જોખમાય નહિ તે માટે એકમ કસોટી હાલ પુરતી મોકૂફ રાખવાનો રાજ્યના પ્રા.શિ. વિભાગે નિર્ણય કરવો રહ્યો.

જન્મદિને વધામણી

લક્કીરાજસિંહ રાજેન્દ્રસિંહ રાઠોડ
સાઠંબા, તા.બાયડ

મિતેશભાઈ એસ. પટેલ
આકરૂન્દ તા.ધનસુરા

પ્રવિણ જી. મહેશ્વરી
આકરૂન્દ તા. ધનસુરા

અંકિત ચૌધરી
બાયડ જિ.અરવલ્લી

મહિનાથી ટ્રેન બંધ : મોડાસા-કપડવંજ રેલવેની સીટી ભૂતકાળ તો નહીં બની જાય ને..??

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

કોરોનાના કારણે ટ્રેન સેવા સદંતર બંધ કર્યા પછી હવે કેટલાક વિસ્તારોમાં ટ્રેન શરૂ કરવામાં આવી છે ત્યારે છેલ્લા ૧૩ મહિનાથી બંધ કરાયેલી મોડાસા-કપડવંજ રેલવે રાબેતા મુજબ પટરી ઉપર દોડતી થશે કે કેમ..?? તેને લઈને અનેક તર્ક થઈ રહ્યા છે.

અરવલ્લી જિલ્લાને ટ્રેન ફાળવણી મુદ્દે વર્ષોથી અન્યાય થતો રહ્યો છે. ટ્રેન સેવા શરૂ ન થાય તે માટે ભૂતકાળમાં અનેક કહેવાતા આગેવાનોએ હવનમાં હાડકાં નાખવાની શરૂઆત કરી પરંતુ કેન્દ્રમાં એન.ડી.એ. સરકાર આવ્યા પછી અરવલ્લી જિલ્લામાં ટ્રેનની વધુ સવલત મળશે તેવી અપેક્ષા પાછલા ૬ વર્ષમાં પરીપૂર્ણ થઈ નથી. મોડાસા-કપડવંજ રેલવેને આધુનિક બનાવવાની વાત તો બાજુ ઉપર રહી પરંતુ રેલવે મથકો પણ ગંદાં ગોબરાં જોવા મળી રહ્યાં છે. મોટાભાગના ફાટક માનવ રહીત છે. વર્તમાન સાંસદ દિપસિંહ રાઠોડ દ્વારા મોડાસા-કપડવંજ રેલવેના સર્વાંગી વિકાસ માટે દિલ્હીના દરબારમાં રજુઆતો કરી છે. જ્યારે મોડાસા થી ટીંટોઈ વાયા ઉદેપુર રેલવે લંબાવવાની વાતો પણ અત્યાર સુધી તો હવામાં ઓગળી છે. આવનારા દિવસોમાં ટ્રેન સેવા શરૂ થાય તે માટે રેલવે પ્રિય મુસાફરો રાહ જોઈને બેઠા છે. જો કે રીઝર્વેશન અંગે કોઈ હલચલ દેખાતી નથી તે જોતાં મોડાસા-કપડવંજ રેલવે સેવા મે મહિનામાં પણ શરૂ થશે કે કેમ..?? તે કહેવું મુશ્કેલ છે.

હિંમતનગર સબજેલ ખાતે કાનૂની સલાહ શિબિર યોજાઈ...

રાયગઢ, તા.૦૯

હિંમતનગર ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ હિંમતનગર તેમજ જિલ્લા ક્ષય રોગ કેન્દ્ર હિંમતનગર દ્વારા મફત કાનૂની સલાહ અને નશા મુક્તિ વિશે જાગૃતિ અંતર્ગત શિબિરનું આયોજન હિંમતનગર સબજેલ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હિંમતનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના લીગલના એડવોકેટ પૃથ્વીસિંહ ઝાલા તેમજ અસ્મિતા એમ.મન્સૂરીએ નશાબંધી વિશે માહિતી આપી હતી. ડૉ.સતીષ વ્યાસ, પી.એન.ઓ. ટીબી સુપરવાઈઝર દિનેશ સાધુ, કો-ઓર્ડીનેટર ડૉ.રોહિત પંચાલ, જિલ્લા સુપ્રિટેન્ડન્ટ પી.જે.ચાવડા, જેલર આર.એસ. ડામોર વગેરે ઉપસ્થિતિ રહી માર્ગદર્શન આપ્યું હતું. આ શિબિરમાં ૧૭૮ જેલ કેદીઓ હાજર રહ્યા હતા.

પહાડિયામાં પત્નીના ઠપકાથી પતિએ ગળાફાંસો ખાધો

કામધંધા બાબતે કહેતા આત્મહત્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

મેઘરજ તાલુકાના પહાડિયા પંચાલ ગામે પત્નીએ કામધંધા બાબતે ઠપકો આપ્યા પછી વ્યથિત પતિ અરજણ કાન્તિભાઈ સડાતે ગળા ફાંસો ખાઈ આત્મહત્યા કરતાં અરેરાટી વ્યાપી છે. બનાવ અંગે ઈસરી પોલિસે એ.ડી. નોંધી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે. પતિ રાત્રે ઘરે મોડો આવ્યો હોવાથી પતિ-પત્ની વચ્ચે સામાન્ય બોલાચાલી થયા પછી ૫૫ વર્ષિય ઈસમે આત્મહત્યા કરતાં શોક છવાયો છે. આર્થિક સંકળામણ, બેરોજગારી, ઘરેલું કંકાસ તેમજ આડાસબંધોના કારણે મહિલાઓ અને પુરૂષો આત્મહત્યાનો માર્ગ અપનાવતા હોય છે. ક્યારેક ઘરમાં પતિ-પત્નીના સામાન્ય ઝઘડાં મોતનું નિમિત બનતાં હોય છે. તાલુકાના પહાડિયા(પંચાલ) ગામના અરજણભાઈ સડાત તા.૭ના રોજ માંડી રાત્રે ઘરે પહોંચ્યા હતા જેથી પત્ની સુકીબેન સડાતે પતિને મોડા આવવાનું કારણ પૂછી કામધંધો કરવા માટે ઠપકો આપ્ય હતો જેથી પતિને ઠપકાથી લાગી આવ્યું હોય તેમ બાવળના ઝાડ ઉપર ડ્રીપની પાઈપથી ગળે ફાંસો લગાવી અરજણ સડાતે આત્મહત્યા કરી લીધી હતી. બીજા દિવસે સવારે ઝાડ ઉપર મૃતદેહ લટકતો જોવા મળતાં ટોળાં એકત્ર થઈ ગયા હતા. બનાવ અંગે શૈલેષ અરજણભાઈ સડાતની ખબરના આધારે ઈસરી પોલિસે મૃતકની લાશને પી.એમ. માટે હોસ્પિટલમાં મોકલી પ્રાથમિક તપાસ શરૂ કરી હતી જેમાં મૃતકે પત્નીના ઠપકાના કારણે આત્મહત્યા કર્યાનું બહાર આવ્યું છે.

બાવસર ગામમાં સિલિન્ડર બ્લાસ્ટમાં દાઝી ગયેલ મહિલાનું સારવાર દરમિયાન મોત

સિવિલ પ્રશાસન દ્વારા તમામ ઇજાગ્રસ્ત વ્યક્તિઓને વધુ સારવારથી અમદાવાદ ખાતે રીફર કરવાંમાં આવ્યા હતા

હિંમતનગર (બ્યુરો ઓફિસ)તા.૦૯

હિંમતનગર તાલુકાના બાવસાર ગામમાં હોળીના પર્વના પવિત્ર દિવસે દરજી પરિવારનાં એક મકાનમાં ગેસ સિલિન્ડર લીકેજ થતા એકાએક થયેલા બ્લાસ્ટમાં ઘર વખરી બળીને ખાખ થઈ જવાની સાથે સાત લોકો ગંભીર રીતે દાઝી જવાથી ઈજાગ્રસ્ત થયા બાદ સારવારથી હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા ત્યારબાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહેલા એક મહિલા દર્દીનું કરૂણ મોત નિપજતા પરિવારજનો સહિત ગ્રામજનોમાં લાગણી પ્રસરી જવા પામી હતી

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના બાવસર ગામમાં રહેતા પ્રફુલભાઈ બાબુભાઈ દરજીના મકાનમાં હોળી પર્વના પવિત્ર દિવસે ગેસ સિલિન્ડર ફાટતાં ઘરમાં આગ પ્રસરી જવા પામી હતી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ઘરવખરી બળીને ખાખ થઈ જવા પામી હતી અને ગેસ સિલિન્ડર ફાટતાં પરિવારજનો સહિત પાડોશીઓ મળી કુલ સાત સભ્યો દાઝી જતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા તમામ લોકોને તાત્કાલિક સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા અને ત્યારબાદ સિવિલ પ્રશાસન દ્વારા વધુ સારવાર અર્થે અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા જેમાં ગત રોજ ગુરુવારે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયેલા ૬૫ વર્ષિય મહિલા તારાબેન ભીખાભાઈ દરજીનું સારવાર દરમિયાન કરુણ મોત નીપજયું હતું જેને પગલે પરિવારજનો સહિત ગ્રામજનોમાં શોકનો માહોલ પ્રસરી જવા પામ્યો હતો હિંમતનગર તાલુકા પંચાયતના પ્રમુખ વિનોદચંદ્ર પટેલ પરિવારના ઘરની મુલાકાત લઈ પરિવારજનોને સાંત્વના પાઠવી હતી

પ્રાંતિજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન -વાઈસ ચેરમેન બિનહરીફ ચુંટાઈ આવ્યા

પ્રાંતિજ તા. ૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ની ચેરમેન -વાઈસ ચેરમેન માટે ની ચુંટણી યોજાઈ હતી જેમાં ચેરમેન અને વાઈસ ચેરમેન માટે માત્ર એક ઉમેદવારી ફોર્મ ભરતાં ચુંટણી અધિકારી દ્વારા રાજેશકુમાર મણીલાલ પટેલ ને ચેરમેન અને અલ્પેશ કુમાર કરસનદાસ પટેલ ને વાઈસ ચેરમેન તરીકે બીન હરીફ જાહેર કર્યા હતાં.

પ્રાંતિજ માર્કેટ યાર્ડ ખાતે આજે ચેરમેન અને વાઈસ ચેરમેન માટેની ચુંટણી યોજાઈ હતી જેમાં ચુંટણી અધિકારી અને જીલ્લા રજીસ્ટ્રારએ.પી.અંસારી ની ઉપસ્થિતિમાં ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જેમાં ચેરમેન અને વાઈસ ચેરમેન માટે માત્ર એક-એક ઉમેદવારી ફોર્મ ભરાતા અન્ય

કોઈ ઉમેદવાર ના હોવાથી તથા ભોગીલાલ પટેલ દ્વારા ચેરમેન તરીકે પટેલ રાજેશ કુમાર મણીલાલ ના નામની દરખાસ્ત કરતાં અને કાળુસિંહ રાઠોડ દ્વારા ટેકો જાહેર કરાતાં ચુંટણી અધિકારી દ્વારા રાજેશ કુમાર મણીલાલ પટેલ ને ચેરમેન તરીકે વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં જયારે વાઈસ ચેરમેન માટે વેપારી વિમાગ માથી પ્રકાશ ભાઈ શાહ દ્વારા અલ્પેશ કુમાર કરસનદાસ પટેલ ની દરખાસ્ત કરતા મુકેશભાઈ મોદી દ્વારા ટેકો જાહેર કરતા ચુંટણી અધિકારી દ્વારા તેવોને પણ વિજેતા જાહેર કરવામા આવ્યા હતા અને ચેરમેન વાઈસ ચેરમેન ની ચુંટણી બીન હરીફ યોજાઈ હતી તો ફરી સતત બીજીવાર ચેરમેન પદે રાજેશકુમાર મણીલાલ પટેલ તથા વાઈસ ચેરમેન પદે અલ્પેશ કુમાર કરશનભાઈ પટેલ જાહેર થતાં સાથી ડિરેક્ટરો દ્વારા ફુલહાર પહેરાવી ને સન્માન કરવામાં આવ્યું હતું તો સેક્રેટરી શૈલેષભાઈ પટેલ, રણજીતસિંહ, કાળુસિંહ રાઠોડ ડિરેક્ટરો સહિત સંગાસંબધીઓ મણીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

ધનસુરામાં કોરોનાથી ૪૦ વર્ષિય યુવકનું મોત

કેસ વધ્યા કોરોનાનું સંક્રમણ વધતા લોકડાઉનની માગણી

ધનસુરા, તા.૯

ધનસુરામાં કોરોના થી ૪૦ વર્ષિય યુવકનું મોત થયું હતું બે દિવસની ટૂંકી સારવાર બાદ યુવકનું મોત થયુ છે માતા અને પુત્ર સારવાર માટે મોડાસાની કોવિડ હોસ્પિટલ માં સારવાર માટે હતા મૃતક યુવકની અંતિમવિધિ કોરોનાની ગાઈડલાઈન મુજબ કરાઈ હતી. ધનસુરા તાલુકામાં બે દિવસ માં કોરોનાના ૬ થી વધુ કેસ નોધાયા છે લોકમૂખે ચર્ચા છે કે રેપિડ માં ૬ જેટલા કેસ આવ્યા છે તાલુકા માં સંક્રમણ વધી રહ્યું છે એવી પરિસ્થિતી માં લોકો સાવધાની રાખે તો સંક્રમણ ઘટે ધનસુરા તાલુકા માં રમોસ ગામે પણ એક કેસ નોધાયો છે તાલુકામાં સંક્રમણ વધી રહ્યું જે એવામાં ધનસુરા બજાર માં આજુબાજુ ના લોકો ખરીદી માટે આવે છે એવામાં હાલ તકેદારી ના પગલા લેવાય નહી તો સંક્રમણ વધશે હાલમાં પણ કેટલાક લોકો માસ્ક વગર બજાર માં દેખાય છે એવામાં સંક્રમણ હજુ વધે તેમ જણાઈ રહ્યું છે લોકો કોરોનાની ગાઈડ લાઈનનું પાલન કરે માસ્ક સોશિયલ ડિસ્ટન્સ અને સેનેટાઈઝ આવામાં ધનસુરા માં લોકડાઉન કરવામાં આવે એવી લોકોની માગણી છે

ધનસુરા મામલતદાર કચેરીમાં ઈ-ધરામાં કામકાજ શરુ

ધનસુરા, તા. ૯

ધનસુરા મામલાતદાર કચેરી માં કોરોનાના બે કેસ નોધાયા હતા ઈ ધરા વિભાગ માં બે કર્મચારીઓનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા હતા બે કર્મચારીઓ ને કોરોના પોઝીટીવ આવતા તાત્કાલિક ધોરણે ત્યા અવરજવર બંધ કરાઈ હતી અને ઓફિસ ને સેનેટાઈઝ કરવામાં આવી હતી કર્મચારીઓને કોરોના આવતા કચેરી માં આવતા અરજદારો પર કોરોના નો ખતરો ન થાય એટલે તાત્કાલિક ધોરણે સાવધાની ના પગલા લેવામાં આવ્યા હતા હાલ બે દિવસ બાદ ઈ ધરા માં કામકાજ શરુ કરવામાં આવ્યું છે અને સાથે અન્ય કર્મચારીઓ એ પણ તકેદારી ના પગલા ના ભાગરુપે કોરોના ના ટેસ્ટ સહિતના સાવધાની ના પગલા લીધા છે.

કોરોના કહેર વચ્ચે બર્ડ ફલૂની દહેશત અરવલ્લીમાં : ધનસુરાના કોલવડા નજીક ૨ હજાર મૃત મરઘાં અજાણ્યો પોલ્ટ્રીફાર્મનો માલિક નાખી ફરાર

મોડાસા, તા. ૯

અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ સતત કાળોકેર વર્તાવી રહ્યું છે બીજીબાજુ જીલ્લાના પ્રજાજનોના માથે બર્ડફલૂનું સંકટ ઘેરાયું હોય તેવા દ્રશ્યો સામે આવતા લોકોમાં જીવ પડીકે બંધાયા છે જીલ્લામાં બર્ડફલુની દહેશત મંડરાઈ રહી હોય તેમ ધનસુરાના કોલવડા થી હમીરપુર રોડ પર બે હજારથી વધુ મૃત મરઘાનો જથ્થો રોડ પર ઠાલવી અજાણ્યો પોલ્ટ્રી ફાર્મનો સંચાલક કે પછી અન્ય વ્યક્તિઓ ફરાર થઈ જતા મૃત મરઘાના જથ્થો જોવા મળતા લોકોમાં ફફડાટ ફેલાયો છે કોરોના મહામારી વચ્ચે બર્ડ ફલૂની દહેશતે અરવલ્લી તંત્રની ચિંતા વધારી દીધી છે.મૃત મરઘાનો જથ્થાનો યોગ્ય નિકાલ કરવામાં આવે તેવી સ્થાનિક લોકોમાં માંગ ઉઠી છે

પ્રાપ્ત માહિતી અનુસાર, અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરની આજુબાજુ મોટા પ્રમાણમાં પોલ્ટ્રીફાર્મ નો ધંધો ફૂલ્યો ફાલ્યો છે મોડાસા શહેરની આજુબાજુના પોલ્ટ્રીફાર્મ માંથી ઉત્તર ગુજરાત, રાજસ્થાન સહીત દિલ્હી સુધી મોટા પ્રમાણમાં ચિકનની માંગના અનુસંધાને ચિકન નો જથ્થો પૂરો પાડવામાં આવી રહ્યો છે જીલ્લામાં મોટાભાગના પોલ્ટ્રીફાર્મમાં સરકારી ગાઈડ લાઈન અનુસારવામાં ભારે બેદરકારી દાખવવામાં આવી રહી છે

જીલ્લાના પોલ્ટ્રી ફાર્મમાં આવતા રોગ સામે સંચાલકોની બેદરકારી અનેકવાર છતી થઈ ચુકી છે અને મૃત મરઘાનો જથ્થો મનફાવે તેમ ઠાલવી દઈ જવાબદારી માંથી છટકી જતા હોવાથી જીલ્લાના પ્રજાજનોના માથે જીવનું સંકટ ઉભું થતું હોય છે કોરોના સંક્રમણથી થાકેલી પ્રજા સામે બર્ડફલુનો ખતરો મંડરાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે

જવાબદાર તંત્ર દ્વારા કોલવડા-હમીરપુર રોડ ભેદી રીતે મૃત પામેલા મરઘાનો જથ્થો ઠાલવી જનાર વ્યક્તી કે સંચાલકને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને મૃતક મરઘાંના સેમ્પલ પરીક્ષણ માટે મોકલવામાં આવે અને જીલ્લામાં આવેલ તમામ પોલ્ટ્રી ફાર્મમાં સઘન સર્વેની કામગીરી હાથધરવામાં આવેની લોકમાંગ પ્રબળ બની છે.

હરીપુરા પાટીયા નજીક ટેમ્પો ચાલકે બાઈક સવારને અડફેટે લેતાં બેને ગંભીર ઈજાઓ

નેત્રામલી, તા.૯

ઈડર તાલુકાના દરામલી અને જાદરના વતની નાયી નારણભાઈ મગનભાઈ અને નાયી રમણભાઈ સોમાભાઈ બંને જણા શુક્રવારના સવારના સમયે બાઈક ઉપર સામાજીક લગ્ન પ્રસંગે હાજરી આપવા માટે આસ્પા ગામે જવા નીકળ્યા હતાં. તેસમય દરમ્યાન દેશોતર- દાવડા રોડ ઉપર હરિપુરા પાટિયા ગામ નજીક રોડ ઉપરથી પસાર થઈ રહેલા ટેમ્પો ચાલકે પોતાનો ટેમ્પો ગફલતભરી રીતે હંકારી સામેથી બાઈક ઉપર સવાર બંને જણાને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. બાઈક ઉપર સવાર બંને વ્યક્તિ રોડ ઉપર પટકાતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ મારફતે હિંમતનગર હોસ્પિટલમાં બંને વ્યક્તિને ખસેડવામાં આવ્યા હતા.